Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: **કાર્યવાહી** :–

એકેડેમિક કાઉન્સિલની તાકીદની સભા **શનિવાર, તા.૦૬/૦૬/૨૦૨૦** નાં **રોજ બપોરે ૨:૦૦ કલાકે** **Social Distancing નું** પાલન થાય તે રીતે યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ નં. | સભ્યશ્રીઓના નામ | હાજરી |
|---|---|---|
| (૧) | ડૉ. શિવેન્દ્ર ગુપ્તા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| (૨) | ડૉ. દેસાઈ હેમાલી અરૂણભાઈ | હાજર |
| (૩) | ડૉ. ભાવિનકુમાર રમણલાલ નાયક | હાજર |
| (૪) | ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ | હાજર |
| (૫) | ડૉ.સંજય ગોકુલદાસ મણિયાર | હાજર |
| (૬) | ડૉ. જયદીપ ચૌધરી | હાજર |
| (૭) | ડૉ. અજય નટવરલાલ પટેલ | હાજર |
| (૮) | ડૉ. વિજયકુમાર જોષી | હાજર |
| (૯) | ડૉ. વિપુલ આર. શાસ્ત્રી | હાજર |
| (૧૦) | ડૉ. સ્નેહલ કે. જોષી | ગેરહાજર |
| (૧૧) | ડૉ. દિલીપ એલ. વરસાણી | હાજર |
| (૧૨) | ડૉ. ટી. જી. ગોહિલ | ગેરહાજર |
| (૧૩) | ડૉ. કલ્પેશકુમાર કે. ટંડેલ | હાજર |
| (૧૪) | ડૉ. વિમલ એ. પંડયા | ગેરહાજર |
| (૧૫) | ડૉ. વિનોદરાય પટેલ | ગેરહાજર |
| (૧૬) | ડૉ. દિપકભાઈ ભોયે | હાજર |
| (૧૭) | ડૉ. કિશોરકુમાર એન. ચાવડા | હાજર |
| (૧૮) | ડૉ. અલ્પેશ એ. શાહ | ગેરહાજર |

(૧) ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ પરિપત્ર ક્રમાંક:કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ–૧, સચિવાલય, ગાંધીનગર, તા.૦૩/૦૬/૨૦૨૦ ના પત્રમાં જણાવ્યાનુસાર COVID-19 ની મહામારીને અનુલક્ષીને રાજયની કોલેજ/યુનિવર્સિટી માટેની પરીક્ષાઓનું આયોજન કરવા, આગામી શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રક્રિયા અને શૈક્ષણિક કાર્ય શરૂ કરવા તેમજ શૈક્ષણિક કાર્ય દરમ્યાન વિદ્યાર્થીઓની ફીઝીકલ Movement નિયંત્રિત કરવા ચર્ચા વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે,**

**(૧) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના તા. ૨૪/૦૫/૨૦૨૦ ના COVID-19 ની મહામારીને અનુલક્ષીને રાજયની કોલેજ / યુનિવર્સિટી માટેની પરીક્ષાઓનું આયોજન કરવા આગામી શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રક્રિયા અને શૈક્ષણિક કાર્ય શરૂ કરવા અંગેના ઠરાવ ક્રમાંક : કરન / ૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ–૧ ને અનુસંધાને પરીક્ષાના આયોજન અંગે સંબંધિત વિદ્યાશાખાઓના ડીનશ્રીઓની મીટીંગ તારીખ ૨૭/૦૫/૨૦૨૦ ના રોજ મળી હતી. સદર મીટીંગની કાર્યવાહીને અનુસંધાને કરવામાં આવેલ પરીક્ષાના આયોજન સંબંધી પરિપત્ર તારીખ ૨૯/૦૫/૨૦૨૦ ક્રમાંક : પરીક્ષા/સાયન્સ/૭૧૬૪/૨૦૨૦ ની નોંધ લેવામાં આવે છે.**

**(૨) પરીક્ષાના આયોજન અંગે મળેલ રજૂઆત ધ્યાને લઈ તે પર વિચારણા કરવા સંબંધિત વિદ્યાશાખાઓના ડીનશ્રીઓની સભા તારીખ ૦૨/૦૬/૨૦૨૦ ના રોજ મળી હતી જેની કાર્યવાહી મંજૂર કરવામાં આવે છે.**

**(૩) જે અભ્યાસક્રમોના જે પરિણામો મેરિટબેઝ પ્રોગ્રેશન ફોર્મુલા મુજબ તૈયાર કરવાના થાય છે તે માટે યુનિવર્સિટીના ઈ.આર.પી. નું કામ સંભાળતી જી.આઈ.પી.એલ. દ્વારા તૈયાર કરવામાં આવેલ ફોર્મુલા મંજૂર કરી તે મુજબ પરિણામ તૈયાર કરવા ઠરાવવામાં આવે છે. જે કિસ્સાઓમાં પ્રેકટીકલ/થીયરી પરીક્ષાઓ યોજાઈ ગયેલ છે, તેમાં વાસ્તવિક પરીક્ષાના માર્કસ ગણતરીમાં લેવા.**

**(૪) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તારીખ ૩/૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : કરન/૧૦૨૦૨૦ /૦૬૦૫૨૦૨૦/ખ–૧ ના મુદ્દા ક્રમાંક : ૩ નો સંદર્ભ લઈ ડીનશ્રી, કાનુન વિદ્યાશાખાનાએ આપેલ અભિપ્રાયને અનુસંધાને એલ.એલ.બી. સેમેસ્ટર–૨ ની તથા બી.કોમ.એલ.એલ.બી. માં સેમેસ્ટર ૨, ૪, ૬, ૮ માં સેમેસ્ટરોમાં પરીક્ષા લેવાનું ઠરાવવામાં આવે છે.**

**(૫) જે અભ્યાસક્રમોની જે પરીક્ષાઓનાં પરિણામો મેરીટ બેઝ ફોર્મુલા મુજબ તૈયાર કરવાનાં થાય છે તેમાં તમામ વિષયોમાં Rule 87-A તથા Rule 87-B મુજબ ગ્રેસીંગનો લાભ આપવાનું ઠરાવવામાં આવે છે.**

**(૬) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તારીખ ૩/૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : કરન/ ૧૦૨૦૨૦ /૦૬૦૫૨૦૨૦/ખ–૧ ના મુદ્દા ક્રમાંક : ૧ નો સૈધ્ધાંતિ સ્વીકાર કરી આગામી પરીક્ષા દરમ્યાન તેનો અમલ કરવાનું ઠરાવવામાં આવે છે.**

(૭) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તારીખ ૩/૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ–૧ ના મુદ્દા ક્રમાંક : ૨ નો યથાવત્ સ્વીકાર કરી તેનો અમલ કરવા ઠરાવવામાં આવે છે. વધુમાં ઠરાવવામાં આવે છે કે પરીક્ષા કેન્દ્રો પર માસ્ક તથા સેનીટાઈઝરની સુવિધા રાખવી તથા પ્રાથમિક લક્ષણો જણાય તેવા વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર ગનથી તાપમાન માપવું.

(૮) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તારીખ ૩/૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : કરન/૧૦૨૦૨૦ /૦૬૦૫૨૦૨૦/ખ–૧ ના મુદ્દા ક્રમાંક : ૪ ના કિસ્સામાં ઓગષ્ટ / સપ્ટેમ્બર માસમાં યોજાનાર પરીક્ષાઓ દરમ્યાન આવા વિદ્યાર્થીઓને પણ તક આપવી.

(૯) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તારીખ ૩/૬/૨૦૨૦ ના ફીઝીકલ મુવમેન્ટ નિયંત્રિત કરવા અંગેના ઠરાવ ક્રમાંક : કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ–૧ ના મુદ્દા ક્રમાંક : ૨ અનુસાર ઈ.આર.પી. સિસ્ટમમાં તેની જોગવાઈ કરવામાં આવી છે તેની નોંધ લેવા તથા બી.એ. ના પ્રવેશ જે તે કોલેજે કરવા તથા પ્રવેશ પ્રક્રિયામાં ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના તારીખ ૩/૬/૨૦૨૦ ના ફીઝીકલ મુવમેન્ટ નિયંત્રિત કરવા અંગેના ઠરાવ ક્રમાંક : કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ–૧ ના મુદ્દા ક્રમાંક : ૨ માં દર્શાવ્યા અનુસારની જોગવાઈઓનો અમલ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૦) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તારીખ ૩/૬/૨૦૨૦ ના ફીઝીકલ મુવમેન્ટ નિયંત્રિત કરવા અંગેના ઠરાવ ક્રમાંક : કરન / ૧૦૨૦૨૦ / ૦૬૦૫૨૦૨૦ / ખ–૧ ના મુદ્દા ક્રમાંક : ૩ માં દર્શાવ્યા અનુસારની હોલટીકીટની વ્યવસ્થા ઉપલબ્ધ છે જ તેની નોંધ લેવામાં આવે છે.

(૧૧) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તારીખ ૩/૬/૨૦૨૦ ના ફીઝીકલ મુવમેન્ટ નિયંત્રિત કરવા અંગેના ઠરાવ ક્રમાંક : કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ–૧ ના મુદ્દા ક્રમાંક : ૪ માં દર્શાવ્યા અનુસાર ૨૧/૦૬/૨૦૨૦ થી ઓનલાઈન પધ્ધતિથી શૈક્ષણિક કાર્યનું આયોજન કરવા કોલેજોને પરિપત્રિત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૨) શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રીએ રજૂ કરેલ પરીક્ષા સંબંધિત ભલામણોનો સ્વીકાર કરી તેનો અમલ કરવાનું ઠરાવવામાં આવે છે.

ક્રમાંક : એ/એ.કા./કા.વા./૪૩૦૫/૨૦૨૦
તા. ૦૬/૦૬/૨૦૨૦

ઈ.ચા.કુલસચિવ

પ્રતિ,

એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....